# New Initiation Of KVK Namrmada To Disseminate The New Ajwain Crop Production Technology

### રોકડિયા પાક તરીકે અજમાની ખેતી અપનાવવા જણાવ્યું

# દેડિયાપાડાના નાની બેડવાણી ગામે અજમાના પાક અંગે માર્ગદર્શન

## પાકમાં થતી મુશ્કેલી અને નડતરને લગતા પ્રશ્નોનું નિરાકરણ

। દેડિયાપાડા ।

દેડિયાપાડામાં આવેલા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને નવસારી કૃષિ યુનિ. કિટક શાસ્ત્ર વિભાગ દ્વારા આયોજીત ક્ષેત્રિય દિવસ નિમિત્તે પાક અજમો તથા કથરીનું સંકલિત વ્યવસ્થાપનનો કાર્યક્રમ દેડિયાપાડા તાલુકાના નાની બેડવાણ ખાતે રાખવામાં આવ્યો હતો. વરિષ્ટ વૈજ્ઞાનિક અને કે.વી.કે.ના વડા ડૉ. પી.ડી. વર્મા અને અન્ય વૈજ્ઞાનિકો સરપંચ, આત્મા પ્રોજેક્ટના અધિકારીઓ હાજર રહ્યા હતા.

નર્મદા જિલ્લામાં બિનજોખમી રોકડીયા પાક તરીકે અજમાની ખેતીનો વ્યાપ ખેડૂતમાં વધારવા માટે વૈજ્ઞાનિકો દ્વારા અજમાની વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવા માટેના સલાહ, સૂચનો જરૂરી માહિતી સાથે અજમાની ખેતી કરતા ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

અજમાના પાકમાં થતી મુશ્કેલી અને નડતર મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ ઉપસ્થિત વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવ્યું હતું. અજમાના ઘરગથ્થુ ઔષધિય તરીકે મનુષ્ય અને પશુઓમાં ઉપયોગથી વિવિધ રોગો સામે લાભદાયી ફાયદાઓ અંગે માહિતી અપાઈ હતી.



નાની બેડવાણ ગામે ક્ષેત્રિય દિવસ નિમિત્તે અજમાના પાક અંગે માર્ગદર્શન વૈજ્ઞાનિકો દ્વારા આપવામાં આવ્યુ હતું.